સુરતના મે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ (ત્રીજી)કોર્ટ,સુરતમાં

ફોજદારી કેસ નંબર - ૩૩૪૪૭/૨૦૨૧
આંક ૫

ફરિયાદી - સરકારશ્રી,

વિ.

આરોપી - પ્રવિણ હમીરભાઈ મકવાણા,
ઉ.વ. - ૩૦,
રહે - જુનો કોસાડ રોડ, અમરોલી,સુરત

ગુનો - એમ.વી.એક્ટ ૧૮૫

**-ચુકાદો -**

(૧) ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં કોલમ નં-૧૬ની વિગતે જણાવેલ તારીખે , સમયે અને સ્થળે જાહેર રોડ પર પોતાનાં કબજાનું વાહન દારૂનો નશો કરેલ હાલતમાં ચલાવી લાવી પકડાઈ જતા આરોપી સામે એમ.વી.એક્ટની કલમ ૧૮૫ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીને જામીન મુક્ત થયા બાદ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરેલ હોવાની કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલી છે. જે ધ્યાને લેતાં આરોપીની કબુલાતની પ્લી લઈ, ગુનાની હકીકતો વાંચી, સંભળાવી સમજાવતાં અને આરોપીએ મને ગુનો કબુલ છે તેમ જણાવેલું છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ તે નહિ માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેને સજા બાબતે પુછતાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમ ગુનો છે પોતાને આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈ,આરોપીની રજુઆત તેમજ કોરોના મહામારી ના કારણે થયેલ લોકોની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતા અને આજ રોજ આરોપી નેશનલ લોક અદાલતની સ્પે. સીટીંગમાં ગુનો કબુલ કરવા માંગતા હોઈ અને કોર્ટના કેસોની પેન્ડન્સી ધ્યાને લેતા, એમ.વી.એક્ટ કલમ ૧૮૫માં જણાવેલ દંડ કરતા ઓછી રકમનો દંડ કરવો અત્રેની અદાલતને વ્યાજબી અને ન્યાયી જણાય છે. આમ, તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-હુકમ-**

આ કામના આરોપીને ક્રિ.પો.કોડની કલમ-૨૫૨ અન્વયે આ ગુનામાં તકસીરવાર ઠરાવી રૂ. ૨,૫૦૦/- અંકે બે હજાર પાંચસો રૂપિયા પુરાનો દંડનો હુકમ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો દંડ ન ભરે તો દિન-૧૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ જો કોઈ વચગાળાનો હુકમ કરેલ ન હોય તો તેના માલિકની ખાત્રી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને મુદ્દામાલનો વચગાળાનો હુકમ કરેલ હોય તો તેને આથી કાયમી કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ - ૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧ના રોજ નેશનલ લોક અદાલતની સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
સુરત.

(આર.એમ.ચાવડા)
જ્યુડી.મેજી.ફ.ક.(ત્રીજી કોર્ટ)
જજ કોડ નં. જીજે-૦૧૫૨૪